| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૨/૦૫/૨૦૨૫ |
| કેસ રજીસ્ટર્ડ તારીખ | ૧૨/૦૫/૨૦૨૫ |
| કેસ ફેસલ તારીખ | ૧૫ /૦૬ /૨૦૨૬ |
| સમયગાળો | ૧વર્ષ, ૦૧ માસ,૦૩ દિન |

**::નમૂના–અ::** **આંક–૨૩**

**મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ),વાલીયા.તા.વાલીયા જી.ભરૂચના ન્યાયાલયમાં**
**શ્રી એ.એમ.સોની –મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ).**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૫ /૦૬ /૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | સી.સી.નં.૭૬૯/૨૦૨૫ |

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ઈ.પી.કો.કલમ:૨૭૯,૩૩૭,૩૩૮,એમ.વી.એકટ.૧૭૭, ૧૮૪,૧૮૭ R/W,૧૩૪ મુજબ. |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૯૯૦૫૦૨૩૦૯૭૧/૨૦૨૩,તા. ૧૭/૧૨/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | વાલીયા પો.સ્ટે.તા.વાલીયા,જી.ભરૂચ |
| ફરિયાદપક્ષ | સરકારશ્રી/ફરિયાદીનુંનામ:સુકાભાઈ વેચાણભાઈ વસાવા, રહે.લુણા,આંગણવાડી ફળીયું, તા. વાલીયા, જી. ભરૂચ |
| રજૂઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી જી.બી.મકવાણા |
| આરોપી પક્ષ | રાકેશભાઈ વેચાણભાઈ વસાવા<br>રહે.સોડગામ નવી વસાહત, તા. વાલીયા, જી. ભરૂચ |
| રજૂઆત | વિ.વકીલશ્રી–જી.એફ.વસાવા |

**::નમૂના–બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૬/૧૨/૨૦૨૩ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | તા.૧૭/૧૨/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | તા.૧૭/૦૪/૨૦૨૩ |
| તહોમતનામા/પ્લીની તારીખ | તા.૨૯/૦૪/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૨/૦૮/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા. ૧૫ /૦૬ /૨૦૨૬ |
| ચુકાદાની તારીખતા. | તા. ૧૫/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો ) | લાગુપડતુ નથી. |

**::આરોપી ની વિગત::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનોસમય ગાળો ફો.કા.સંહિતા ની કલમ:૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રાકેશભાઈ વેચાણભાઈ વસાવા | | | ઈ.પી.કો.કલમ: ૨૭૯,૩૩૭, ૩૩૮ એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪,૧૮૭ R/W,૧૩૪ મુજબ | નિદોર્ષ | નથી | લાગુ પડતુ નથી. |

**::નમૂનો ક::**

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ.ફરિયાદપક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | સુકાભાઈ વેચાણભાઈ વસાવાની જુબાની | ફરીયાદી |
| ફ.સ.૨ | પિન્ટુભાઈ બળવંતભાઈની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૩ | જગદીશભાઈ રવીયાભાઈ વસાવાની જુબાની | પંચ સાહેદ |
| ફ.સ.૪ | વિનેશભાઈ રવિયાભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૫ | દિપકભાઈ અર્જુનભાઈ વસાવાની જુબાની | સાહેદ |
| ફ.સ.૬ | ડો.સનોબર શફી મન્સુરીની જુબાની | સાહેદ |

| | | |
|---|---|---|
| ફ.સ.૭ | નિકિતકુમાર અર્જુનભાઈ વસાવાની જુબાની | ત.ક.અમલદાર |
| ફ.સ.૮ | ગૌતમભાઈ હરીભાઈ વસાવાની જુબાની | સાહેદ |

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | નથી | નથી. |

**ક.બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

નોંધ – ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે,નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી),પોલીસ સાક્ષી,નિષ્ણાંત સાક્ષી,તબીબી સાક્ષી,પંચ સાક્ષી,અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના આંકની યાદી**

**અ.ફરિયાદ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ આંક–૦૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ આંક–૦૫ | ફરીયાદ |
| ૩. | આંક ફ–૩/ફ.સ.૩ આંક–૧૬,૨૦ | મેડીકલ સર્ટીફીકેટ |

**બ.બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | – |

**ક.ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ફ–૧/ફ.સ.૧ – | |
| ૨. | આંક ફ–૨/ફ.સ.૨ – | |

**ડ.ભૌતિક પદાર્થ:**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ – | – |
| ૨. | ભૌ.પ.૨ – | – |

## ::–<u>ચુકાદો</u> –::

**૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૧૭/૧૨/૨૦૨૩નાં રોજ કલાક ૨૦:૧૫ નાં અરસામાં મો.સા.નંબર GJ-16-DL-0887 ના ચાલકે પોતાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદી સામેથી અથાડી દઈ રોડ ઉપર પાડી દઈ શરીરે નાની મોટી ઈજા તથા જમણા પગના ઘુંટણથી નીચેના ભાગે ઈજા કરી પોતાની મો.સા.ને લઈ નાસી ગયેલ હોય બાદ આ કામના ફરીયાદીની સારવાર ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં જયાંથી સારવાર સર્ટી આવતાં સદર સારવાર સર્ટી વંચાણે લેતાં ફરીયાદીને જમણા પગનાં ઘુંટણની નીચેના ભાગે ફેકચર કરી,ઈ.પી.કો.કલમ : ૨૭૯,૩૩૭,૩૩૮ તથા મો.વ્હી.એ.કલમ ૧૭૭, ૧૮૪,૧૮૭ R/W,૧૩૪ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ નેત્રંગ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૯૦૫૦૨૩૦૯૭૧/૨૦૨૩, તા.૧૭/૧૨/૨૦૨૩ થી જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશિટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૨)    ચાર્જશિટનું સંજ્ઞાન લઈ આ કામના આરોપી કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ **આંક –૦૩** લગત સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો નાકબુલ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

૩)    ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ પુરતા  પુરાવાના  કારણે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ    છે.તેમાં પોતે નિર્દોષ હોવાનું અને ખોટી ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

૪)    ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિધ્વાન  એ.પી.પી.શ્રી.  ની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે અને બાદમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામાં આવેલછે.

૫)    આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧)** | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે,આ કામના આરોપીઓએ તા.૧૭/૧૨/૨૦૨૩નાં રોજ કલાક ૨૦:૧૫ નાં અરસામાં મો.સા.નંબર GJ-16-DL-0887 ના ચાલકે પોતાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદી સામેથી અથાડી દઈ રોડ ઉપર પાડી દઈ શરીરે નાની મોટી ઈજા તથા જમણા પગના ઘુંટણથી નીચેના ભાગે ઈજા કરી પોતાની મો.સા.ને લઈ નાસી ગયેલ હોય બાદ આ કામના ફરીયાદીની સારવાર ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં જયાંથી સારવાર સર્ટી આવતાં સદર સારવાર સર્ટી વંચાણે લેતાં ફરીયાદીને જમણા પગનાં ઘુંટણની નીચેના ભાગે ફ્રેકચર કરી, ઈ.પી.કો.કલમ : ૨૭૯, ૩૩૭,૩૩૮, તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪,૧૮૭ R/W,૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે? |
| **મુદ્દા નં.૨)** | છેવટે શું હુકમ ? |

૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>::– નિર્ણય માટેના કારણો –::</u>**

૭) **મુદ્દા નં.૧ અને ૨.**

આ કામે બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બંનને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**સદર કામે આઈ.પી.સી ની કલમ–૨૭૯ ના તત્વો જોવા જરૂરી છે.**

**આઈ.પી.સી કલમ–૨૭૯ બાબતે જોવામાં આવેતો,** સરીયામ રસ્તા પર બેકાળજીજી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત– **જે કોઈ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય, અથવા અન્ય વ્યકિતને વ્થયા કે હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ, અથવા એક હજાર રૂપીયા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.**

સદર કલમ હેઠળ સરીયામ રસ્તા પર બે કાળજીથી વાહન ચલાવવાની અથવા સવાર કરવાની અસર કાંતો મનુષ્યના જીવનને ભયમાં મુકે તેવી હોવી જોઈએ અથવા તો તે એવી હોવી જોઈએ જેથી ઈજા કે નુકશાન થવાની શકયતા હોય.

સદર કલમના તત્વો:– (૧)જાહેર માર્ગ પર વાહન ચલાવવુ, અથવા સવારી કરવી.

(૨) આવું ચલાવવું અથવા સવારી કરવી એટલી બધી બેફામ(**રેસ**) અથવા ઉપેક્ષાયુકત હોવી જોઈએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમાં મુકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકશાન કરે એવી શકયતા ઉપસ્થિત થાય.

(૮) ફરિયાદપક્ષે **આંક–૦૪ થી ફરીયાદી સુકાભાઈ વેચાણભાઈ વસાવા**ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ આશરે ૨૦૨૩ ના બારમાં મહીનામાં બનેલો.બનાવ સમયે હુ ઘરેથી

જમીને ચાલવા માટે નીકળેલો અને તે સમયે સામેથી એમ મોટરસાઈકલ ચાલકે પોતાની મો.સા. પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ટકકર મારી રોડ ઉપર પાડી દીધેલ જેથી મને જમણા પગના ઘુંટણના નીચેના ભાગે તેમજ શરીરે નાની મોટી ઈજાઓ થયેલ. સદર મોટરસાઈકલ નંબર હાલ મને યાદ નથી.ત્યારબાદ રાહદારીઓમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરી દેતા ૧૦૮ આવેલ અને મને સારવાર માટે સરકારી દવાખાને વાલીયા લઈ આવેલ ત્યાં ફરજ પરના ડોકટર શ્રીએ મને પ્રાથમિક સારવાર આપેલ અને રીફર મેમા સાથે ભરૂચ સીવીલ હોસ્પીટલ દાખલ કરેલા ત્યાં હાજર ડોકટરશ્રી નાઓએ મારી સારવાર કરેલ. હતી.બનાવ બાબતે વાલીયા પો.સ્ટેશમાં મોટરસાઈકલ ચાલક સામે ફરીયાદ આપેલ જે અસલ ફરીયાદમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ ફરીયાદને આંક-૦૫ થી રજુ છે.

એ વાત ખરીછેકે, અમો ચાલવા એકલા નીકળેલ.એવાત ખરી છેકે, બનાવ સમયે અંધારુ હતુ.એવાત ખરી છેકે, રાતના સમયે ગાડીની લાઈટના કારણે ગાડી કોણ ચલાવે તે કહી ના શકાય.એવાત ખરી છેકે, બનાવવાળા રસ્તા ઉપર વાહનો તથા માણસોની અવર જવર થતી રહે છે.

(૯) ફરિયાદપક્ષે આંક-૦૮ થી સાહેદ વિનેશભાઈ રવિયાભાઈ વસાવાને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે સાંજના હુ ઘરે હાજર હતો. તે દરમ્યાન હુ ઘરની બહાર બેઠો હતો ત્યારે મારા ગામના સુકાભાઈ

વેચાણભાઈ નાઓ ચાલવા માટે અમારા ઘરેથી કોસમડી ગામ તરફ જવાના રોડ ઉપર નીકળેલ તે દરમ્યાન એક મોટરસાઈકલ ચાલકે પોતાની મોટરસાઈકલ પુરઝપડે ચલાવી લાવી સુકાભાઈને આગળથી અથડાવી દીધેલ જેથી સુકાભાઈ રોડઉપર પડી ગયેલ જેથી મે નજીકમાંજઈને જોયેલ તો સુકાભાઈને ઘુંટણથી નીચેના ભાગે ઈજા થયેલ. જે મોટર સાઈકલથી અકસ્માત થયેલ તેનો નંબર મને હાલ યાદ નથી તેમજ તે કોણ ચલાવતુ હતુ તેની પણ મને ખબર નથી.જે અંગે સુકાભાઈએ ફરીયાદ આપેલ અને પોલીસે મારુ નિવદન લીધેલ.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે, બનાવ સમયે હું ઘરે હોવાથી બનાવ વિષે મને કોઈ જાતમાહિતી નથી.

(૧૦) ફરિયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ દિપકભાઈ અર્જુનભાઈ વસાવાને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, બનાવ કયારે બનેલો તે મને હાલ યાદ નથી. બનાવમાં શું બનેલું તે મને યાદ નથી. બનાવ વિષે મારે કાંઈ કહેવું નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બનતા મેં નજરે જોયેલ નથી.

(૧૧) ફરિયાદપક્ષે આંક-૧૫ થી સાહેદ ડો.સનોબર શફી મન્સુરી ને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે

કે,તા.૧૬/૧૨/૨૦૨૩ ના રોજ વાલીયા સી.એચ.સી ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ દરમ્યાન એક દર્દી નામે સુકાભાઈ વેચાણભાઈ વસાવા ઉ.વ.૩૮ રહે.લુણા તા.વાલીયા જી.ભરૂચનાઓ ૧૦૮ માં વાલીયા સી.એચ.સી.ખાતે સાંજના ૮:૫૫ વાગે સારવાર અર્થે આવેલા હતા.દર્દી સંર્પુણ ભાનમાં હતા. તેને પુછતા મને જણાવેલ કે,તેમના ઘર પાસે રાત્રીના આઠ વાગ્યાના સુમારે ચાલીને જતા હતા ત્યારે અજાણ્યા બાઈકવાળાએ ઠોકર મારતા પડી જતા ઈજા થયેલ છે.નીચે મુજબની ઈજાઓ જણાયેલ.ઈજા નંબર (૧)જમણા પગ ઉપર વચ્ચેના ભાગે સોજો હતો જેનુ માપ ૬સે.મી× ૦૩ સે.મી હતુ.તેના ઉપર ઉજરડો હતો જેનુ માપ ૦૩ સે.મી હતુ અને તાજો હતો.દર્દીને સખત દુ:ખાવો હતો બીજી કોઈ ઈજા દેખાતી ન હતી. દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા.દર્દીને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે ૧૦૮ એમબુલન્સમાં રાત્રીના ૯:૨૦ કલાકે ભરૂચ સીવીલ હોસ્પીટલ રીફર કરેલ. મારા અભિપ્રાય મુજબ દર્દીને ઈજા ગંભીર હતી.કડક અને બોથડ પર્દાથ પર પડી જતા પડતા થઈ શકે તેવી હતી. ઉપરોકત ઈજાઓ અંગે મે મારા હસ્તાક્ષરમાં સર્ટીફીકેટ તૈયાર કરેલ જેમાં નીચે મારી સહી અને સિકકો છે જે હુ ઓળખી બતાવુ છુ જે અસલ સર્ટીફિકટ રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, ઈજા પામનાર દવાખાને આવેલા ત્યારે ભાનમાં હતા. એ વાત ખરી છે કે, ઈજા પામનારે

વ્યકિત અથડાઈને ગયેલ તેનું નામ આપેલ નહી.એ વાત ખરી છે કે, સદર ઈજા કોઈ વ્યકિત ગાડી ઉપરથી પડી જાય તો આવી ઈજા થઈ શકે.

(૧૨) ફરિયાદપક્ષે આંક–૧૮ થી ત.ક.અમલદાર નિકિતકુમાર અર્જુનભાઈ વસાવાને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,ગઈ તા. ૧૬/૧૨/૨૦૨૩ ના રોજ વાલીયા સી.એચ.સી. ખાતે ટેલીફોનીક વર્ધી આવેલ કે , સુકાભાઈ વેચાણભાઈ વસાવા રહે.લુણા તા.વાલીયા જી.ભરૂચનાઓ રાત્રીના સવા આઠ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોસમડી ગામ તરફ જતાં હતા તે દરમ્યાન કોઈ ટુવ્હીલ ચાલકે સામેથી અકસ્માત કરેલ છે જે વર્ધી આધારે ઈજા પામનાર સુકાભાઈ વેચાણભાઈ વસાવા નાઓની ભરૂચ સીવીલ હોસ્પીટલ ખાતેથી ફરીયાદ લેતા તેઓ લખાવે છેકે, ગઈ. તા. ૧૬/૧૨/૨૩ ના રોજ હું સાંજના આઠેક વાગ્યાના અરસામાં અમારા ઘરેથી કોસમડી ગામ તરફ ચાલવા માટે નીકળેલ તે દરમ્યાન સામેથી આવતી એક ટુવ્હલે મને એકસીડન્ટ કરેલ જેથી મને જમણા પગે ઘુટણથી નીચેના ભાગે તથા શરીરે નાનીમોટી ઈજાઓ થયેલ.બાદ ટુવ્હીલનો નંબર જોતા જી. જે. ૧૬ ડી.એલ. ૦૮૮૭ નો જણાવી આવેલ અને ત્યાંથી આવતા જતા રાહદારીમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરતાં મને વાલીયા સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જયાં ફરજ પરના ડોકટર શ્રીએ અમારી પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે રીફર મેમા સાથે ભરૂચ સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરેલ જયાં મને અંદરના દર્દી તરીકે દાખલ કરેલ છે જેથી

ટુવ્હીલ બાઈક નંબર જી. જે. ૧૬ ડી.એલ. ૦૮૮૭ ચાલકે પોતાની મો.સા.પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઈજા પામનાર સુકાભાઈ વેચાણભાઈ વસાવાનાઓને સામેથી ટકકર મારેલ જેથી ઈજા પામનારને જમણા પગે ઘુંટણથી નીચેના ભાગે શરીરે નાની મોટી ઈજા થયેલ જે વિગેરની ફરીયાદ લઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરતાં સાહેદોના નિવેદનો લીધેલ.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ જણાવેલ છે કે, એ વાત ખરી છેકે, લુણા ગામ વસ્તીવાળુ ગામ છે.એવાત ખરી નથીકે, બનાવવાળી જગ્યાએ આજુબાજુ મકાનો આવેલા છે.એવાત ખરી છેકે, બનાવવાળી જગ્યાએથી સોડગામ જવાનો પાકો રસ્તો આવેલો છે.એવાત ખરી છેકે, આ રસ્તા ઉપર વાહનોની અવર જવર થાય છે.એવાત ખરી છેકે, મારા પંચનામામાં કઈ વ્યકિતએ કયા વાહન વડે અકસ્માત થયેલ છે તેનો ઉલ્લેખ કરેલ નથી.એવાત ખરી નથીકે, હુ બનાવ સ્થળે ગયેલ નથી કે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલન નથી.

(૧૩) ફરિયાદપક્ષે આંક-૨૧ થી સાહેદ ગૌતમભાઈ હરીભાઈ વસાવાને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, ગઈ તા. ૧૬/૧૨/૨૦૨૩ ના રોજ વાલીયા સી.એચ.સી. ખાતે ટેલીફોનીક વર્ધી આવેલ કે , સુકાભાઈ વેચાણભાઈ વસાવા રહે.લુણા તા.વાલીયા જી.ભરૂચનાઓ રાત્રીના સવાઆઠ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોસમડી ગામ તરફ જતાં હતા તે દરમ્યાન કોઈ ટુવ્હીલ ચાલકે સામેથી

અકસ્માત કરેલ છે જેવર્ધી આધારે ઈજા પામનાર સુકાભાઈ વેચાણભાઈ વસાવા નાઓની ભરૂચ સીવીલ હોસ્પીટલ ખાતેથી ફરીયાદ લેતા તેઓ લખાવે છે કે, ગઈ તા.૧૬/૧૨/૨૩ ના રોજ હું સાંજના આઠેક વાગ્યાના અરસામાં અમારા ઘરેથી કોસમડી ગામ તરફ ચાલવા માટે નીકળેલ તે દરમ્યાન સામેથી આવતી એક ટુવ્હીલે મને એકસીડન્ટ કરેલ જેથી મને જમણા પગે ઘુટણથી નીચેના ભાગે તથા શરીરે નાનીમોટી ઈજાઓ થયેલ.બાદ ટુવ્હીલનો નંબર જોતા જી. જે. ૧૬ ડી.એલ. ૦૮૮૭ નો જણાવી આવેલ અને ત્યાંથી આવતા જતા રાહદારીમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરતાં મને વાલીયા સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જયાં ફરજ પરના ડોકટર શ્રીએ અમારી પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે રીફર મેમા સાથે ભરૂચ સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરેલ જયાં મને અંદરના દર્દી તરીકે દાખલ કરેલ છે જેથી ટુવ્હીલ બાઈક નંબર જી.જે.૧૬ ડી.એલ. ૦૮૮૭ ચાલકે પોતાની મો.સા.પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઈજા પામનાર સુકાભાઈ વેચાણભાઈ વસાવાનાઓને સામેથી ટકકર મારેલ જેથી ઈજા પામનારને જમણા પગે ઘુંટણથી નીચેના ભાગે શરીરે નાની મોટી ઈજા થયેલ જે વિગેરની ફરીયાદ લઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરતાં સાહેદોના નિવેદનો અ.હે.કો. નિકિતભાઈ અર્જુનભાઈનાઓ લીધેલા અને અગાઉના ત.ક.અમલદાર ટ્રેનીગમાં હોય આ કામની તપાસ અમોએ મળતા અમોએ આ કામે ઈજા પામનારે ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર મેળવેલ હોય જે સારવાર અંગેનુ સર્ટી મેળવી તા. ૨૭/૦૨/૨૦૨૪ નાર રોજ આ કામે રજુ રાખી

તેમજ કાગળોનો અભ્યાસ કરતાં આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય આ કામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીને જોયેથી ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે ઉપરોકત ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓએ એ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, આ કામે અમોએ ઈજા પામનારનુ ભરૂચ સીવીલ હોસ્પીટલમાંથી સર્ટી મેળવી ચાર્જશીટ કરવા સિવાય બીજી અન્ય કોઈ તપાસની કામગીરી કરેલ નથી.

(૧૪) ફરિયાદપક્ષે **આંક–૦૬** થી પંચ સાહેદ પિન્ટુભાઈ બળવંતભાઈ વસાવાને તથા આંક–૧૦ થી પંચ સાહેદ જગદીશભાઈ રવીયાભાઈ વસાવાને સોગંદ પર તપાસવામા આવેલ છે તેઓ તેમની જુબાનીમા **આંક–૦૭ વાળા** ગુનાવાળી જગ્યાના પંચનામામા પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. તે સીવાય બીજું કશુ જાણતા નથી. સદર પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરીયાદ પક્ષ ને મદદરૂપ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી. બચાવપક્ષ તરફે તેઓની કરવામા આવેલ ઉલટતપાસમા તેઓને પંચનામા બાબતે કાંઈ ખબર નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે.

## (૧૫) સાહેદોની જુબાનીનુ પુરાવાકીય મૂલ્યાંકન:–

આમ, ઉપરોકત રજુ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેતાં આ કામે ફરીયાદી સુકાભાઈ વેચાણભાઈ વસાવાનાઓને અકસ્માતમા ઈજાઓ થયેલ

હોવાની હકીકતોને સમર્થન મળે છે. પરંતુ અકસ્માત સંદર્ભે આરોપીની ભુમિકા સ્પષ્ટ કરતા પહેલા અને સાથે સાથે આરોપીની સદર ગુનાના કામે ભુમીકા સ્પષ્ટ કરવા કેટલાક મહત્વના પ્રશ્નો પર પ્રકાશ પાડવો અત્રે આવશ્યક જણાઈ આવે છે. જેમ કે, શું કહેવાતો અકસ્માત આરોપીની જ બેદરકારીથી બનેલ છે?, જે મોટર સાયકલ થી અકસ્માત થયેલ છે શું તે મોટર સાયકલ આ કામના આરોપી જ ચલાવતા હતા?, શું તે વાહનની ગતિ અનિયંત્રિત અને સામાન્ય ડ્રાયવીંગના નિયમો કરતા વધારે હતી?, શું અકસ્માત થયેલ વાહનને કોઈ ક્ષતિ પહોંચેલ છે કે કેમ?, શું જે જગ્યાએ અકસ્માત ઘટેલ છે તે જગ્યાએ અન્ય કોઈ સ્વતંત્ર સાક્ષીઓની ઉપસ્થિતિ હતી? તેમજ અંતિમ પણે શુ તે ગુનાવાળી જગ્યા શંકા રહીત પુરવાર થાય છે?.

હવે ઉપરોકત પ્રશ્નોને લક્ષમા લઈને સૌપ્રથમ ઈજા પામનાર ફરીયાદી સુકાભાઈ વેચાણભાઈ વસાવા પુરાવાઓને ધ્યાને લેવા જરૂરી બની રહે છે. ફરીયાદપક્ષ તરફે સદરહુ સાહેદને સોગંદ ઉપર તપાસવામા આવતા તેઓએ તેમની જુબાનીમા બનાવમા તેઓ એકલા ચાલવા નીકળેલ અને સામેથી મોટરસાઈકલ ચાલકે ટકકર મારી રોડ ઉપર પાડી દીધેલ.જેથી જમણા પગના ઘુંટણના ભાગે તેમજ શરીરે નાની મોટી ઈજા થયેલી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહુ મહત્વના ઈજા પામનાર સાહેદે કોર્ટ સમક્ષની જુબાનીમા ફરીયાદમા જણાવેલ હકીકતોને મહદઅંશે સમર્થન આપેલ છે. પરતું વાહન ચાલક કે વાહનના નંબરની તેઓને કાંઈ ખબર નહી હોવાનુ જણાવેલ છે.તે અંગે મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે.

હવે જે જગ્યાએ અકસ્માત ઘટીત થયેલ છે તે સંદર્ભે સદર કામે તપાસવામા

આવેલ પંચ સાહેદનો પુરાવો પણ અતિ મહત્વનો બની રહે છે. જે પૈકી આંક–૦૬ તથા આંક–૧૦ થી તપાસવામા આવેલ પંચ સાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો,પોલીસે તેઓની પોલીસ સ્ટેશને બોલાવેલા અને તેઓની સહી કરાવેલી.પંચનામુ શા બાબતનુ હતુ તે તેઓએ વાંચેલુ નહી.જેમાં પંચ નં.૧ તથા ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા આંક–૦૭ થી પંચનામુ રજુ રાખેલ છે. તે હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, ફકત ઉપરોકત હકીકતને સમગ્રપણે ધ્યાને લેતા સદરહુ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકત સ્વયં લખેલ નથી તે હકીકત સ્પષ્ટ થાય છે. વધુમા સદર પંચ સાહેદના પુરાવાથી જે વાહનથી અકસ્માત થયેલ તે વાહન સામાન્ય અવસ્થામા હોવાનુ એટલે કે તેમના પુરાવાથી અકસ્માતમા સંડોવાયેલ વાહનને કોઈ ક્ષતિ પહોંચેલ ન હોવાનુ તેમજ તે વાહનમા ઈજા સંદર્ભેના કોઈ ચિન્હો મળેલ ન હોવાની હકીકત ફલીત થાય છે. સામાન્ય સંજોગોમા જયારે કોઈ વાહનનો અકસ્માત થાય અને તે વાહન ધ્વારા કોઈ પણ વસ્તુ કે વ્યકિતને ટકકર મારવામા આવે તો તેને આંશિકપણે પણ નુકસાન થવાની સંભાવના હોય છે. પરંતુ સદર કામે પંચ સાહેદ અને રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા જે વાહનથી અકસ્માત થયેલ છે તેને ક્ષતિ પહોંચેલ હોવાની કોઈ જ હકીકત જણાઈ આવતી નથી. વધુમા જો એક તબકકે ગુનાવાળી જગ્યા પુરવાર થયેલ હોવાનુ માની લેવામા આવે તો માત્ર ગુનાવાળી જગ્યા પુરવાર થવાથી આરોપી વિરૂધ્ધનુ આક્ષેપ પુરવાર થયેલ માની શકાય નહી.આરોપીની ભુમિકા,સંડોવણી પુરવાર કરવા માટે અન્ય સ્વતંત્ર સાહેદોનો પુરાવો અપેક્ષિત બની રહે છે. અત્રે સ્વતંત્ર સાહેદોનો પુરાવાની જરૂરીયાત ઉભુ થવાનુ કારણ એ માટે જરૂરી બની રહેલ છે કારણકે રેકર્ડ ઉપરના પુરાવાથી બનાવવાળી જગ્યાની

આજુબાજુ ઘણા ઘરો આવેલ હોવાની હકીકત ફલીત થાય છે. આમ, જયારે બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય લોકો રહેતા હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઈ આવતી હોય ત્યારે કહેવાતો અકસ્માત કોઈ વ્યકિતએ જોયેલ જ હોય. કારણકે ફરીયાદમા જણાવ્યા મુજબનો ગંભીર અકસ્માત થતા આજુબાજુમાથી લોકો માનવીય સ્વભાવ વશ ઈજા પામનારોને બચાવવા એકત્રીત થયેલ જ હોય પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો તેવા એક પણ બનાવને નજરે જોનાર સ્વતંત્ર સાહેદને તપાસવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમા નજરે જોનાર સાહેદોનો પુરાવો ખરેખર અકસ્માતમા કોની ભુલ/બેદરકારી હતી તે હકીકતના ગર્ભ સુધી પહોંચવામા મદદરૂપ બની રહે છે. પરંતુ  અત્રે ફરીયાદપક્ષે બનાવ સ્થળે નજરે જોનાર સાહેદો મળી શકવાની પુર્ણ સંભાવના હોવા છતા તેવા કોઈ સાહેદોને તપાસવા શુધ્ધાના પ્રયત્ન કરેલ નથી. જે હકીકત ફરીયાદપક્ષની વિશ્વસનીયતા  પ્રત્યે ગંભીર શંકા ઉપસ્થિત કરે છે.

આમ, ઉપરોકત તમામ પેરાઓમા ચર્ચા કરેલ કારણોથી સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતા હાલના કામે અકસ્માત સમયે આ કામના આરોપી અકસ્માતવાળુ વાહન પુરઝડપે કે બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવતા હતા અને તેઓના વાહનના અથડાવાથી અકસ્માત થયેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી. વધુમા અકસ્માત સમયે અકસ્માતવાળા વાહનની ઝડપ કેટલી હતી તેવી કોઈ હકીકત પડેલ પુરાવા પરથી રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી કે અકસ્માત સમયે વાહન ચલાવનારની કંઈ બેદરકારી હતી કે જેના કારણે અકસ્માત બનવા પામેલ તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારે સદર અકસ્માત સમયે આ કામના

આરોપી અકસ્માતવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય અને તેના કારણે હાલનો અકસ્માતનો બનાવ બનવા પામેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ ઉપરોકત પુરાવા થકી પુરવાર કરી શકેલ નથી.

આમ, સદરહુ કામે, ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે. તે પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ દવારા ગુનાહિત કૃત્ય માટે આ કામના આરોપીઓ જ જવાબદાર છે તેવી હકીકત સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવા દવારા નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી અને સ્પષ્ટ પણે તે હકીકતો પરત્વે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ પર આવે છે અને તેથી જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવાય. સામાન્ય રીતે ગુનો કરનાર વ્યકિત છુટી જાય તે બાબત યોગ્ય નથી, પરંતું જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનીયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી જાય છે. નિર્દોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી, પરંતું સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર માટે અણગમો પેદા થાય છે, અને તેથી જ તમામ સુસંસ્કુત સમાજમાં આરોપી સામેનું તહોમત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે તેવો સિધ્ધાંત અપનાવવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે, અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ, એક શંકા ગમે તેટલી દૃઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદપક્ષનો કેસ સાચો છે અને

સાચો હોઈ શકે તે શબ્દો વચ્ચે ઘણું અંતર છે. શંકા સંભવિતતા ગણાય નહી, કારણ કે શંકા એક માનસિક ગ્રંથી છે જેના પાયામાં તર્ક નહી પરંતું માનસિક પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનું પરિણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણે કે ખોટા મુલ્યાંકનના કારણે ન થાય અને નિર્દોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુન્હો સાબિત થાય તે આવશ્યક છે. કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતના સ્વાતંત્ર ઉપર તરાપ સમાન છે. તે હકીકતો ધ્યાનમાં લઈને સદરહું કામ જોવામાં આવે તો આરોપી વિરૂધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતો નથી.

ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતા આ કેસમા આરોપી સામે ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૩૭,૩૩૮ વિ. મુજબના ગુનાનો આક્ષેપ છે. હવે, આ કામમા ઈ.પી.કો કલમ ૨૭૯ અંગે કાનુની પ્રસ્થાપિત સિધ્ધાંતોને લક્ષમા લઈએ તો, આ ગુનો પુરવાર કરવા માટે વ્યકિતની સાવધાની અને પુરતી સાવચેતીનો અભાવ હોવો તે મુખ્ય તત્વો છે. જે અકસ્માતમા પુરતી સાવચેતીનો અભાવ એટલે કે, અપેક્ષિત સાવચેતી રાખવામા ન આવે તે સિધ્ધાંત ઉપર ઈ.પી.કો કલમ ૨૭૯ ની રચના કરવામા આવેલ છે. આવા ગુનામા એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામા આવે તે રીતે વર્તવાનુ તે વ્યકિત ચુકી જાય તો તે કૃત્ય બેદરકારીપૂર્વકનુ ગણાય. આ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપી પોતાના હવાલાવાળુ વાહન બેદરકારીપૂર્વક કે બેફામપણે ચલાવતા હોય તે હકીકત પુરવાર કરવાની હોય છે. આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી એ પોતાના કબજાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદી તથા સાહેદ ને અકસ્માત કરી ઈજાઓ કરી ગુનો કરેલ હોવાનુ રજુ થયેલ

પુરાવા પરથી ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમા ફરીયાદપક્ષની એ ફરજ છે કે, તેણે તે સિવાય માનવાલાયક સબળ, સચોટ અને સ્વતંત્ર પુરાવો રજુ કરી આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવુ પડે. તેથી આ કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા અકસ્માત આ કામના આરોપીની બેદરકારીને કારણે બનવા પામેલ છે તેવુ એક પણ સાહેદની જુબાનીથી સ્પષ્ટ થઈ શકતુ નથી અને તેથી આ કામના આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન બેદરકારીપૂર્વક, ગફલતભરી રીતે હંકારી ફરીયાદી તથા સાહેદને અકસ્માત કરી ઈજાઓ કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>// આખરી હુકમ //</u>**

**(૧)** ક્રિ.પ્રો.કો.ક.૨૫૫ (૨) અન્વયે આ કામના આરોપી રાકેશભાઈ વેચાણભાઈ વસાવા રહે.સોડગામ નવી વસાહત, તા. વાલીયા, જી. ભરૂચ વાળા નાઓને ઈ. પી. કો.૨૭૯, ૩૩૭,૩૩૮તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪,૧૮૭ R/W,૧૩૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) ના પ્રબંધો મુજબ હુકમની તારીખથી છ માસની સમય મર્યાદા માટે રૂ૫,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ–૧૫ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૫/૦૬/૨૦૨૬
મુ.વાલીયા.

**(આદિલનવાજ મો.શફી સોની)**
પ્રિન્સીપાલસિવીલજજ અને જયુડી.મેજી.ફ.ક.,
વાલીયા,જી.ભરૂચ.
**JUDGE CODE NO-(GJ 01636)**